પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૪૩, કુલ પાના:૪, તારીખ: ૦૮-૦૬-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 243 PRICE :-RS. 1.50 DATE : 08-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં મોટી જાહેરાત કરી

## ૨૧ જૂનથી દેશના તમામ રાજ્યમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકોને મફત વેક્સિન અપાશે

ન્યુ દિલ્હી,
આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાંજે ૫ વાગ્યે દેશને સંબોધન કર્યું હતું. અગાઉ પીએમઓ દ્વારા ટ્વીટ કરીને જાણકારી આપવામાં આવી હતી કે, પીએમ સાંજે પાંચ વાગ્યે રાષ્ટ્રના નામે સંબોધન કરશે. જે બાદ તમામ લોકોની નજર પીએમ મોદીના સંબોધન પર હતી. ૨૧ જૂનથી દેશના તમામ રાજ્યમાં ૧૮ વર્ષથી



મોટી ઉંમરના લોકોને મફતમાં આપવામાં આવશે

આપણામાંથી ઘણા લોકોએ પોતોના પરિવારજનોને ગુમાવ્યા છે. આવા લોકો સાથે મારી પૂરી સંવેદના છે. સાથીઓ છેલ્લા ૧૦૦ વર્ષોમાં આવેલી આ સૌથી મોટી મહામારી છે. આ પ્રકારની મહામારી આધુનિક વિશ્વએ ના જોઈ હતી અને અનુભવી પણ ના હતી. આટલી મોટી વૈશ્વિક મહામારી સામે આપણો દેશ ઘણા મોરચા પર એક સાથે લડ્યો છે. કોવિડ હોસ્પિટલ બનાવવાથી લઈને આઈસીયૂ, વેન્ટિલેટરથી ટેસ્ટિંગ લેબનું નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું.

રાષ્ટ્રના નામે સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું - બીજી લહેરમાં મેડિકલ ઓક્સિજનની ડિમાન્ડ અકલ્પનીય રૂપથી વધી ગઈ હતી. ભારતના ઈતિહાસમાં આટલા ઓક્સિજનની જરૂરિયાત ક્યારેય થઈ નથી. આ જરૂરિયાતને પૂરી કરવા માટે યુદ્ધસ્તર પર કામ કરવામાં આવ્યું. ઓક્સિજન રેલ, એરફોર્સ વિમાન, નૌસેનાના જહાજને લગાવવામાં આવ્યા હતા.

કોરોના જેવી અદ્રશ્ય અને રૂપ બદલનાર દુશ્મન સામેની લડાઈમાં સૌથી પ્રભાવી હથિયાર કોવિડ પ્રોટોકોલ છે. માસ્ક અને બે ગજની દૂરી જ અચૂક હથિયાર છે. વેક્સીન આપણા માટે સુરક્ષાની કવચની જેમ છે. આખા વિશ્વમાં વેક્સીન માટે જે માંગ છે તેની સરખામણીમાં ઉત્પાદન કરનાર દેશ અને વેક્સીન બનાવનાર કંપનીઓ ઘણી ઓછી છે.

તમે છેલ્લા ૫૦-૬૦ વર્ષનો ઈતિહાસ જોશો તો ભારતને વિદેશોથી વેક્સીન મેળવવામાં દશકો લાગી જતા હતા. પોલિયોની વેક્સીન હોય કે સ્મોક પોક્સની વેક્સીન હોય કે હેપિટાઈસ બી ની વેક્સીન હોય. તેના માટે દેશવાસીઓએ દશકો સુધી રાહ જોઈ હતી. ૨૦૧૪માં દેશવાસીઓએ અમને સેવા કરવાની તક આપી તો ભારતમાં વેક્સીનેશનનું કવરેજ ફક્ત ૬૦ ટકા આસપાસ હતું. આપણી દ્રષ્ટીમાં આ ઘણી ચિંતાની વાત હતી. જે ઝડપથી ભારતમાં ટિકાકરણ કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે ઝડપથી દેશને ૧૦૦ ટકા ટિકાકરણના લક્ષ્યને મેળવવામાં લગભગ ૪૦ વર્ષ લાગી જાત.

### એક RTIના જવાબમાં મહિલા બાળ કલ્યાણ મંત્રાલયે કહ્યું

## ભારતમાં ૯.૨૭ બાળકો અતિ કુપોષિત, યુપી-બિહાર અવ્વલ

ન્યુ દિલ્હી,
ભારતમાં ૯.૨૭ લાખ બાળકો ગંભીર અને અતિ કુપોષિત હોવાનો ખુલાસો એક RTIમાં થયો છે. જેમાંથી સૌથી વધુ બાળકો ઉત્તરપ્રદેશ અને બિહારમાં છે. આ બાળકોની ઉંમર છ મહિનાથી લઈ છ વર્ષ સુધીની છે. નવેમ્બર-૨૦૨૦ સુધીમાં ગંભીર અને અતિ કુપોષિત બાળકોના વર્ગમાં આટલા બાળકો નોંધાયા હતા. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયે આરટીઆઈનો જવાબ આપ્યો છે.

નવેમ્બર-૨૦૨૦ સુધી દેશમાં કુલ ૯,૨૭,૬૦૬ ગંભીર અને અતિ કુપોષિત બાળકો નોંધાયા હતા. જેમાંથી સૌથી વધુ ઉત્તરપ્રદેશમાં ૩,૯૮,૩૫૯ અને બિહારમાં ૨.૭૯,૪૨૭ બાળકો છે. ગત વર્ષે કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણમંત્રાલયે આ વર્ગમાં આવતા કુપોષિત બાળકોનો ડેટા આપવા તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સૂચના આપી હતી.

લદાખ, લક્ષદ્વીપ, નાગાલેન્ડ, મણિપુર અને મધ્યપ્રદેશમાં ગંભીર રીતે કુપોષિત હોય તેવાં કોઈ બાળકો નોંધાયા નથી. જો કે આ ચારેય રાજ્યોમાં લદાખ સિવાયા કોઈ રાજ્યની આંગણવાડીએ આ વર્ગના કુપોષિત બાળકોનો ડેટા ઉપરના સ્તરે આપ્યો જ નથી.

નિષ્ણાતોના મતે આ આંકડાઓ દર્શાવે છે કે કોરોના મહામારીની પરિસ્થિતિ અતિ ગરીબ વર્ગના બાળકોમાં આ સમસ્યા વધારી શકે છે. અત્યારે આ આંકડાઓ ભલે દેશની કુલ વસતિની સરખામણીમાં નાનાં લાગતા હોય પરંતુ ત્રીજી લહેરમાં બાળકો પર સૌથી વધુ અ સર થવાની હોવાથી આ આંકડાઓ ગંભીરતાથી વિચારણા માગી લે તેવા છે.

## મુખ્યમંત્રી રુપાણીએ રાજકોટમાં ૨૩૨.૫૦ કરોડના કામોનું ઈ-લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું

ગાંધીનગર,
રાજકોટમાં આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વિવિધ પ્રોજેક્ટના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પીએમ નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા લાઈટ હાઉસ હાઉસિંગ પ્રોજેક્ટનો પણ સમાવેશ થયો છે. રાજકોટ મનપા અને રૂડાના વિવિધ કામોના રૂપિયા ૨૩૨.૫૦ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૧૮ કરોડના ખર્ચે બની રહેલ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાઈટ હાઉસ પ્રોજેક્ટના ૧૧૪૪ આવસોનો ઈ-ડ્રો કરાયો હતો. તો રૂડા દ્વારા રૂ.૬૭.૬૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૭૨૨ આવાસોનો ઈ-ડ્રો પણ યોજાયો હતો. તેમજ રૂ.૩૭.૬૬ કરોડના ખર્ચે મહાનગરપાલિકાના જુદા-જુદા વોર્ડમાં વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત પણ યોજવામાં આવ્યું હતું. જ્યારે રૂ. ૯.૧૮ કરોડના ખર્ચે રૂડા વિસ્તારના વિવિધ વિકાસ કાર્યોના ઈ-



ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, લાઈટ હાઉસ પ્રોજેક્ટ પીએમ નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. પીએમ મોદીએ સમીક્ષા કરતાં ગુજરાત જ એક એવું રાજ્ય છે કે જેમાં આપણે આ કામ પૂર્ણ કર્યુ છે. અનેક રાજ્યોએ તો લાઈટ હાઉસ પ્રોજેક્ટનું કામ ચાલુ પણ કર્યુ નથી. એઈમ્સનું કામ ઝડપી ચાલી રહ્યું છે. ખંઢેરી રેલવે સ્ટેશનને વિકસાવવામાં આવશે. ભારતના નકશામાં ખંઢેરી રેલવે સ્ટેશનને સ્થાન આપવામાં આવશે, એઈમ્સ હોસ્પિટલે દર્દીઓને પહોંચવા રેલવે સ્ટેશન મહત્વનું રહેશે. તેમજ એઈમ્સ હોસ્પિટલ સાથેની કનેક્ટીવિટી માટે વિકાસ કરવામાં આવશે.

## આવતીકાલથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખૂલ્લૂ મૂકવામાં આવશે

કેવડિયા,
કોરોનાની બીજી લહેરને કારણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી છેલ્લા ૨૦ દિવસથી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. જોકે, હવે પ્રવાસીઓ માટે એક સારા સમાચાર છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી આવતી કાલથી એટલે તારીખ ૮મી જૂથથી પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે.જે માટે તંત્રએ તમામ તૈયારીઓ પણ પૂર્ણ કરી દીધી છે. આ માટેની ઓનલાઈન બુકિંગ પણ શરૂ થઈ જશે.

આ ઉપરાંત સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથે જે જંગલ સફારી પાર્ક, ચિલ્ડ્રન પાર્ક અને રમાડા હોટલ ટેન્ટ સિટી સહીત અનેક પ્રોજેક્ટો ખુલ્લા થશે. ટેન્ટ સિટી અને હોટલોના માલિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે પણ કોરોનાને



કારણે લાખો રૂપિયાનું નુકશાન થયું હતું અને હાલ ચાલુ વર્ષે પણ નુકશાન થયું છે. ત્યારે હવે ટેન્ટ સીટી અને હોટલોના માલિકો પણ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે એવી આશા રાખીને બેઠા છે. ત્યારે આવતી કાલથી શરૂ થતા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર હવે પ્રવાસીઓને પણ ઓનલાઈન સાથે હવે ઓફલાઈન ટિકિટ પણ મળશે એવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

## ડૉક્ટરોએ શોધી કાઢ્યો તોડ, બ્લેક ફંગસની સારવાર હવે ૧૦૦ ગણી ઓછી ખર્ચાળ થઈ જશે

ન્યુ દિલ્હી,
કોરોનાની બીજી લહેરની ગતિ ધીમી થઈ રહી છે, પરંતુ બ્લેક ફંગસનો ખતરો હજુ પણ યથાવત છે. અનેક રાજ્યોમાં અત્યારે પણ બ્લેક ફંગસ (મ્યુકરમાઈકોસિસ)ના અનેક કેસ સામે આવી રહ્યા છે. બ્લેક ફંગસની સારવાર માટે ઉપયોગમાં લેવાતા એન્ટિ ફંગલ ઈન્જેક્શનના ખર્ચાને લઈને લોકો ચિંતિત છે. હવે આવા દર્દીઓને લઈને એક રાહતભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. ડૉક્ટરોએ એક એવી રીત નીકાળી છે, જેનાથી ખર્ચો ૧૦૦ ગણો ઓછો થઈ શકે છે. કોરોના બાદ બ્લેક ફંગસથી ઝઝૂમી રહેલા દર્દીઓની સારવારનો એક દિવસનો ખર્ચો લગભગ ૩૫ હજાર રૂપિયા છે જે ઓછો થઈને ફક્ત ૩૫૦ રૂપિયા થઈ શકે છે. ડૉક્ટરોએ સારવારની જે રીત નીકાળી છે તેમાં સાવધાનીથી દર્દીના બ્લડ ક્રિએટિનન લેવલ પર નજર કરવાની છે, જેનાથી ખર્ચો ઘણો ઓછો થઈ જશે. બ્લેક ફંગસની સારવારમાં પ્રયોગ થનારા ઈન્જેક્શનનું નામ એમ્ફોટેરેસિન છે. રેમડેસિવિરની માફક અત્યારે આની પણ તંગી જોવા મળી રહી છે. ઈન્જેક્શનની કિંમત વધારે છે અને સરળતાથી ઉપલબ્ધ પણ નથી. આવામાં આ દવાની બીજી રીતોને અપનાવીને સારવારના ખર્ચાને ૧૦૦ ગણો ઓછો કરી શકાય છે. આના માટે જરૂરી છે દર બીજા દિવસે દર્દીનો બ્લડ ટેસ્ટ થાય.

પુણે મ્ત્ન મેડિકલ કૉલેજ ઈએનટીના હેડ સમીર જોશીનું કહેવું છે કે કોરોના બાદ બ્લેક ફંગસથી પીડિત ૨૦૧ દર્દીઓની સારવાર કરી છે. આમાંથી ૮૫ ટકા દર્દી Conventional amphotericin અને સર્જરી બાદ ઠીક થયા છે. કોરોનાથી પહેલા આ જ રીતથી બ્લેક ફંગસના ૬૫માંથી ૬૩ દર્દીઓ ઠીક થયા. એમ્ફોટેરેસિન અને સર્જરી બાદ દર્દીઓ ઠીક થયા છે, સર્જરીથી જ્યાં ડેડ ટિશ્યુને હટાવવામાં આવે છે. તો ઈએનટી સર્જન સંદીપ કર્માકરનું કહેવું છે કે ના Conventional અને ના Liposomal amphotericin સરળતાથી ઉપલબ્ધ છે. આ બંનેની તંગી છે, સરળતાથી નથી મળી રહ્યા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠોડ સરદારભાઈ તેરસિંહ
મુ. સીમામોઈ,
તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત શબ્બીરભાઈ સીરાજભાઈ
મુ. સજોઇ,
તા. ધાનપુર

## જૂન મહિનાના સાતમા દિવસે ચોથી વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,
કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલ સામાન્ય જનતાને સોમવારો આકરો ઝટકો લાગ્યો છે. રવિવાર બાદ સોમવારે પણ ઈંધણ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારી દીધા છે. આજે પેટ્રોલના ભાવોમાં ૨૪-૨૮ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવોમાં ૨૬-૨૮ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે. જ્યારે રવિવારે આખા દેશમાં પેટ્રોલના ભાવમાં ૨૬-૨૭ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૨૯-૩૧ પૈસા પ્રતિ લિટર સુધીનો વધારો થયો હતો. તમને જણાવી દઈએ કે નવી કિંમતો રોજ સવારે ૬ વાગે જારી કરવામાં આવે છે.



તમને જણાવી દઈએ કે ઈન્ટરનેશનલ માર્કેટમાં પણ ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ ૨૫-૩૦ સુધીનો વધારો થયો છે. આજે દિલ્હીમાં પેટ્રોલના રેટ ૨૮ પૈસા પ્રતિ લિટર વધ્યા છે. વળી, ડીઝલના રેટ ૨૭ પૈસા પ્રતિ લિટર વધ્યા છે. ઉલ્લેખનીય છે કે ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદથી ૨૧મી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે જેમાં ૧૬ વાર એકલા મે મહિનામાં જ વધ્યા છે.

સતત વધી રહેલા ભાવોના કારણે પેટ્રોલ અત્યાર સુધી ૪.૭૧ રૂપિયા અને ડીઝલ ૫.૧૭ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. ભારતમાં આજે સૌથી વધુ મોંઘુ પેટ્રોલ રાજસ્થાનના શ્રીગંગાનગરમાં મળી રહ્યુ છે જ્યાં પ્રતિ લિટર પેટ્રોલના ભાવ ૧૦૫ રૂપિયા થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે ૧૩૫ જિલ્લામાં પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ચૂક્યા છે.

૧ જૂનથી ૬ જૂનથી વચ્ચે ત્રણ વાર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવામાં આવ્યા છે. રવિવાર પહેલા ૪ જૂન શુક્રવાર અને ૧ જૂન મંગળવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવામાં આવ્યા હતા. આમ આ મહિનામાં ૭ દિવસમાં ૪ વાર ઈંધણના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે.

પેટ્રોલના ભાવમાં ૬૦ ટકા હિસ્સો સેન્ટ્રલ એકસાઈઝ અને રાજ્યોનો ટેક્સ હોય છે. જ્યારે ડિઝલમાં આ ૫૪ ટકા હોય છે. પેટ્રોલ પર સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટી ૩૨.૯૦ રૂપિયા પ્રતિ લિટર છે જ્યારે ડિઝલ પર ૩૧.૮૦ રૂપિયા પ્રતિ લિટર છે. પેટ્રોલ ડિઝલના ભાવમાં સામાન્ય રીતે દરરોજ ફેરફાર થાય છે. આ ભાવ બેન્ચમાર્ક આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવ અને ફોરેન એક્સચેન્જ રેટના આધારે નક્કી થાય છે.

## પેટ્રોલ-ડિઝલની કિંમત નક્કી કરવામાં સરકારની કોઈ ભૂમિકા નથી: નિર્મલા સીતારમણ



ન્યુ દિલ્હી,
પેટ્રોલ અને ડીઝલની કિંમતો આસમાનને આંબી રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે આ કિંમતો હવે સંપૂર્ણ પણે માર્કેટ પર નિર્ભર થઈ ગઈ છે અને હવે સરકારની કિંમત નક્કી કરવામાં કોઈ ભૂમિકા નથી. ખાદ્યતેલ અને અન્ય ચીજવસ્તુઓની ફુગાવા પર તેમણે એમ કહ્યું કે મંત્રીઓનું એક જૂથ આ અંગે નિયમિત દેખરેખ રાખે છે.

સતત મોંઘવારી જે રીતે વધી રહી છે તેને લઈને સરકાર પર સતત દબાણ વધી રહ્યુ છે. જનતા સતત કહી રહી છે કે હવે ક્યારે મોંઘવારીમાંથી છુટકારો મળશે. ઈંધણના ભાવ વધારાને લઈને નાણાં પ્રધાને કહ્યું, 'કઠોળ, ખાદ્યતેલ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં ફુગાવાના કારણે ભાવ વધી રહ્યા છે ત્યારે મંત્રીઓનું એક જૂથ (જીએમએમ) નિયમિતપણે આ પાછળનાં કારણો શોધી રહ્યું છે અને આયાતને મંજૂરી આપવાની ચર્ચા કરી રહ્યું છે. ઘટતા ભાવોનું નુકસાન ખેડુતોને સહન ન કરવું તે ધ્યાનમાં રાખીને. જૂથ સપ્લાય ચેન પણ સુનિશ્ચિત કરી રહ્યું છે કોઈ મુશ્કેલીઓ અથવા સંગ્રહખોરી ન કરે તે પણ જોવામાં આવી રહ્યુ છે.

નિર્મલા સીતારમણે કહ્યું, "ઈંધણના મામલે ભારતીય ભાવો વૈશ્વિક ભાવોની સરખામણીએ લગભગ નક્કી કરવામાં આવ્યા છે. જ્યાં સુધી ટેક્સની વાત છે ત્યાં સુધી કેન્દ્ર સરકાર તે કિંમતો સાથે મેળ ખાતો નથી; કેન્દ્ર માટે લિટર દીઠ ફિક્સ દર છે, ગમે તે ભાવ હોય. રાજ્યોને જે મળે છે, તે ભાવ માર્કેટ પર આધારીત છે.

તેલના ભાવ વધે તો દર વખતે તેમની આવકમાં પણ વધારો થાય છે. તેથી કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ઈંધણના ભાવ મુદ્દે અનેક સ્તરો છે. તેથી આપણે યાદ રાખવું પડશે કે કેન્દ્ર ભાવો નક્કી કરતું નથી; આ ભાવો બજાર દ્વારા નક્કી કરવામાં આવે છે. એટલે કે નાણામંત્રીએ આ અંગે સ્પષ્ટ સંકેત આપ્યો કે પેટ્રોલ અને ડીઝલના મામલે કેન્દ્ર સરકારના હાથમાં કંઈ નથી.

### કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું નિવેદન

## સરકારની આવક ઓછી અને ખર્ચ વધારે, અત્યારે નહીં ઘટે પેટ્રોલ-ડીઝલના ભાવ

ગાંધીનગર,
દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો આકાશને આંબી રહી છે. દેશમાં અનેક શહેરોમાં પેટ્રોલનાં ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરની ઉપર પહોંચી ગયા છે. પેટ્રોલિયમ કંપનીઓ દરરોજ કિંમતોમાં વધારો કરી રહી છે. અને જનતા ઊંચી કિંમતોના મારથી પરેશાન છે. આ વચ્ચે દેશના પેટ્રોલિયમ મંત્રીએ સંકેત આપ્યા છે કે પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોમાં હાલ કોઈ રાહત મળશે નહીં.

ગુજરાત પહોંચેલાં કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને સવાલ કરાયો કે પેટ્રોલ અને ડીઝલની કિંમતો ઓછી થશે કે કેમ? જે અંગે પ્રધાને કહ્યું કે અત્યારે સરકારની આવક ખુબ જ ઓછી થઈ ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન આવક ઓછી રહી અને ૨૦૨૧-૨૨માં પણ આવક ઓછી રહેવાની સંભાવના છે. આવક ઓછી થઈ છે અને સરકારનો ખર્ચ વધી રહ્યો છે.



પ્રધાને કહ્યું કે, હેલ્થ સેક્ટરમાં ખર્ચ વધ્યો છે. વેલફેર એક્ટિવિટીઝમાં પણ સરકાર ખર્ચ કરી રહી છે. વધતાં ખર્ચ અને ઓછી થતી આવકને જોતાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઓછો કરવાનો આ યોગ્ય સમય નથી. તેમજ કિંમતમાં વધારાનું મુખ્ય કારણ ઈન્ટરનેશનલ માર્કેટમાં આવેલી તેજી છે. ઈન્ટરનેશન માર્કેટમાં કાચા તેલના ભાવ ૭૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગયા છે. અને તેને જ કારણે પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધી રહી છે.

## પાકિસ્તાનમાં બે પેસેન્જર ટ્રેન વચ્ચે અકસ્માત: ૩૦ના મોત

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનમાં સોમવારે સવારના સમયે એક ભારે મોટી રેલવે દુર્ઘટના ઘટી છે. સિંધના ડહારકી વિસ્તારમાં ૨ ટ્રેન સામસામે અથડાવાના કારણે અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ દુર્ઘટનામાં ૩૦થી પણ વધારે લોકો મૃત્યુ પામ્યા છે અને ૫૦ કરતા વધારે લોકોને ઈજાઓ પહોંચી છે.

મિલ્લત એક્સપ્રેસ અને સર સૈયદ એક્સપ્રેસ વચ્ચે થયેલી આ અથડામણમાં મૃતકઆંક હજુ પણ ઉંચો જાય તેવી શક્યતા છે કારણ કે અનેક લોકો હજુ પણ બોગીઓમાં ફસાયેલા છે. જાણવા મળ્યા મુજબ મિલ્લત એક્સપ્રેસની બોગીઓ ઘોટકી



પાસે અનિયંત્રિત થઈને બીજા ટ્રેક પર પડી હતી અને સામેથી આવી રહેલી સર સૈયદ એક્સપ્રેસ સાથે તેની અથડામણ થઈ હતી. આ કારણે મિલ્લત એક્સપ્રેસની ૮ અને સર સૈયદ એક્સપ્રેસની એન્જિન સહિત ૪ બોગીઓ ટ્રેક પરથી ઉતરી ગઈ હતી.

વહેલી સવારે ૩:૪૫ કલાકે આ દુર્ઘટના બની હતી જ્યારે મિલ્લત એક્સપ્રેસ કરાચીથી સરગોધા અને સર સૈયદ એક્સપ્રેસ રાવલપિંડીથી કરાચી જઈ રહી હતી. દુર્ઘટનાના ૪ કલાક બાદ પણ કોઈ અધિકારી ઘટના સ્થળે નહોતા પહોંચ્યા અને હેવી મશીનરી પણ નહોતી પહોંચાડાઈ. ટ્રેનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ટ્રેન કાપવી પડશે પરંતુ અકસ્માતના અનેક કલાકો બાદ પણ મોટા મશીનો ત્યાં નહોતા પહોંચ્યા. જ્યારે ઘાયલોને ટ્રેક્ટર ટ્રોલી દ્વારા લઈ જવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાના કારણે અનેક ટ્રેનના પરિવહનને અસર પહોંચી હતી.

આ પહેલાં માર્ચ મહિનામાં પણ કરાચી એક્સપ્રેસ ટ્રેન સાથે દુર્ઘટના ઘટી હતી. ટ્રેન લાહોરથી નીકળી હતી અને સુક્કુર પાસે એના ૮ કોચ ટ્રેક પરથી ઊતરી ગયા હતા. આ દુર્ઘટનામાં એકનું મોત થયું હતું અને ૪૦ મુસાફરો ઘાયલ થયા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ :
## જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૫૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.




મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના–૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭–૦૬–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૪૫૮ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૦૩ સ્ત્રી, ૧૨ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૨૮૪ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૫૭૯૬૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

| મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા |
|---|
| લુણાવાડા-૦૨ |
| સંતરામપુર-૦૨ |
| વિરપુર-૦૧ |

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૬૬ દર્દી હોમઆઇસોલેશનમાં, ૦૫ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૧૮ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૪ દર્દીઓ સ્ટેબલ, ૧૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# મહીસાગર જિલ્લાના અપરણિત યુવાનો માટે લશ્કરમાં જોડાવા માટેની અમૂલ્ય તક

- ગોધરા ખાતે લશ્કરની વિવિધ સાત કેટેગરી માટે તા.૫મી ઓગસ્ટ થી તા. ૨૨મી ઓગસ્ટ સુધી લશ્કરી ભરતી રેલીનું આયોજન.
- ભાગ લેવા ઈચ્છતા યુવાનોએ તા. ૨૦મી જુલાઇ સુધી ઓનલાઇન અરજી કરવી.

લુણાવાડા,

લશ્કરી ભરતી કચેરી, અમદાવાદ દ્વારા ગુજરાતના ૨૦ જિલ્લાઓ અને બે (૨) કેન્દ્રશાસિત પ્રદેશોના ઉમેદવારો માટે આગામી તા. ૫/૮/૨૦૨૧ થી ૨૨/૮/૨૦૨૧ દરમિયન પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે કનેલાવ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, કનેલાવ ખાતે લશ્કરી ભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લશ્કરી ભરતી રેલીમાં લશ્કરની વિવિધ સાત કેટેગરીમાં લશ્કરી ભરતી રેલી યોજાનાર છે. જેમાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટ્રેડમેન, સોલ્જર ટ્રેડમેન, સોલ્જર ટેકનીકલ, સોલ્જર ટેકનીકલ (અવિએશન/કોમ્યુનિકેશન એકઝામીનર), સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ/નર્સિંગ વેટરનરી આસિસ્ટન્ટ અને સોલ્જર કલાર્ક/સ્ટોર કીપર/ટેકનીકલ/ઇન્વેન્ટરી મેનેજમેન્ટની જગ્યાઓનો સમાવેશ થાય છે. જેમાં અપરિણિત યુવાનો જોડાઇ શકશે.

સોલ્જર જનરલ ડ્યુટી માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૧ વર્ષની (૦૧ ઓકટોબર,૨૦૦૦ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાઇ ૧૬૮ સે.મી., વજન ૫૦ કિ.ગ્રા. છાતી ૭૭ (૫ સે.મી. ફુલાવો), જયારે ધો.૧૦ ૪૫ ટકા સાથે પાસ અને દરેક વિષયમાં ૩૩ ટકા માર્કસ હોવા જોઇએ.

સોલ્જર ટ્રેડમેન માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૩ વર્ષની (૦૧ ઓકટોબર,૧૯૯૮ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાળ ૧૬૮ સે.મી., વજન ૪૮ કિ.ગ્રા. છાતી ૭૬ (૫ સે.મી. ફુલાવો), જયારે ધો.૧૦ પાસ અને દરેક વિષયમાં ૩૩ ટકા માર્કસ હોવા જોઇએ.

સોલ્જર ટ્રેડમેન માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૩ વર્ષની (૦૧ ઓકટોબર,૧૯૯૮ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાઇ ૧૬૮ સે.મી., વજન ૪૮ કિ.ગ્રા. છાતી ૭૬ (૫ સે.મી. ફુલાવો), જયારે ધોરણ–૮ પાસ અને દરેક વિષયમાં ૩૩ ટકા માર્કસ હોવા જોઇએ.

સોલ્જર ટેકનીકલ અને સોલ્જર ટેકનીકલ (અવિએશન/કોમ્યુનિકેશન એકઝામીનર માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૩ વર્ષની (૦૧ ઓકટોબર, ૧૯૯૮ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાઇ ૧૬૭ સે.મી., વજન ૫૦ કિ.ગ્રા. છાતી અનુક્રમે ૭૬ અને ૭૭ (૫ સે.મી. ફુલાવો), જયારે ધોરણ–૧૨ સાયન્સ પાસ, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી ૫૦ ટકા માર્કસ અને દરેક વિષયમાં ૪૦ ટકા માર્કસ હોવા જોઇએ. સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ/નર્સિંગ વેટરનરી આસિસ્ટન્ટ માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૩ વર્ષની (૦૧ ઓકટોબર, ૧૯૯૮ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાઇ ૧૬૭ સે.મી., વજન ૫૦ કિ.ગ્રા. છાતી ૭૭ (૫ સે.મી. ફુલાવો), જયારે ધો.૧૨ સાયન્સ પાસ, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજીમાં ૫૦ ટકા માર્કસ અને ૪૦ ટકા માર્કસ હોવા જોઇએ.

સોલ્જર કલાર્ક/ સ્ટોરકીપર/ટેકનીકલ/ઇન્વેન્ટરી મેનેજમેન્ટ માટે ઉમેદવારની ઉંમર સાડા સત્તર વર્ષથી ૨૧ વર્ષની (૦૧ ઓકટોબર, ૧૯૯૮ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૪ વચ્ચે જન્મેલો હોવો જોઇએ) જેની ઉંચાઇ ૧૬૨ સે.મી., વજન ૫૦ કિ.ગ્રા. છાતી ૭૭ (૫ સે.મી. ફુલાવો), જયારે ધો.૧૨ પાસ ૬૦ ટકા સાથે (કોઇપણ પ્રવાહ) દરેક વિષયમાં ૫૦ ટકા માર્કસ હોવા જોઇએ અને ધો.૧૨માં ૫૦ ટકા અંગ્રેજી, ગણિત, એકાઉન્ટ, બુક કીપીંગમાં હોવા જોઇએ.

આ લશ્કરી ભરતી રેલીમાં ભાગ લેવા ઇચ્છતા મહીસાગર જિલ્લાના યુવાન ઉમેદવારોએ પોતાના આધારકાર્ડ અને ઇ–મેઇલ આઇ.ડી.ની ચકાસણી કરીને www.joinindianarmy.nic.in ઉપર આવેલ નોટીફીકેશનનો અભ્યાસ કરીને તા. ૨૦/૭/૨૦૨૧ દરમિયાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

જે ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરેલ હશે તેવા જ ઉમેદવારો આ લશ્કરી ભરતી રેલીમાં ભાગ લઇ શકશે. ઉમેદવારોને લશ્કરી ભરતી રેલીમાં હાજર રહેવા અંગેની જાણ તેમના ઇ–મેઇલ આઇ.ડી. ઉપર તા. ૨૧/૭/૨૦૨૧ થી તા. ૪/૮/૨૦૨૧ દરમિયાન કરવામાં આવશે.

આ અંગેની વધુ માહિતીની જરૂર હોય તો લશ્કરી ભરતી કચેરી, અમદાવાદનો ફોન નંબર ૦૭૯–૨૨૮૬૧૩૩૮ અથવા તો મોબાઇલ નંબર–૯૯૯૮૫૫૩૯૨૪ ઉપર સંપર્ક કરવા એક યાદી દ્વારા જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૭-૦૬-૨૦૨૧, સોમવાર, વૈશાખ વદ-૧૨, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# આણંદની કૃષિ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ નાહેપ-કાસ્ટ પ્રોજેકટ દ્વારા સંશોધન

લુણાવાડા,

મગફળી એ ભારતમાં તેલીબિયાંનો એક મહત્વપૂર્ણ પાક છે. જે વિશ્વમાં વાવેતરની દ્રષ્ટિએ પ્રથમ અને ઉત્પાદનની દ્રષ્ટિએ બીજા સ્થાને છે. ભારતમાં મગફળીનું ઉત્પાદન ઓકટોબર–નવેમ્બરમાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦માં મગફળીના ઉત્પાદનમાં ચીન ૧૭૦.૦૯ લાખ ટન સાથે પ્રથમ હતું. જયારે ભારત ૯૧.૯૭ લાખ ટન સ્થાને બીજા સ્થાને ત્યારબાદ અમેરીકા ૩૨.૮૧ લાખ ટન, નાઇજીરિયા ૨૪.૨૦ લાખ ટન અને સુદાન ૧૬.૪૧ લાખ ટન સ્થાન ધરાવે છે.

ભારતમાં વર્ષ ૨૦૨૦–૨૧ મગફળીનો વાવેતર વિસ્તાર ૫૦.૮૯ લાખ હેકટર નોંધાયેલ અને ઉત્પાદન અંદાજે ૧૦૧.૪૬ લાખ ટન થયેલ છે જે ગત વર્ષ ૨૦૧૯–૨૦માં ૯૯.૫૨ લાખ ટન હતું. નિકાસ ૨૦૧૮–૧૯માં ૪.૮૯ લાખ ટનથી વધીને ૨૦૧૯–૨૦માં ૬.૬૪ લાખ ટન થઇ છે. ચીનમાં મગફળીની ઊંચી માંગના લીધે એપ્રિલ–૨૦૨૦ થી ફેબ્રુઆરી–૨૦૨૧ દરમિયાન મગફળી તેલની નિકાસ ૫.૮૯ લાખ ટન થયેલ. ગત વર્ષે પૂરના કારણે પાડોશી દેશોમાં મગફળીનું ઉત્પાદન ઓછું થયેલ જેના કારણે ભારતમાંથી મગફળી તેલની નિકાસ વધી છે. આયાત ૨૦૧૮–૧૯માં ૧.૦૮ હજારની હતી. જે ૨૦૧૯–૨૨૦૨માં ૧.૯૫ હજાર ટન થવા પામી હતી.

વર્ષે ૨૦૧૯–૨૦૨૦માં નાફેડે કુલ પાંચ (૫) લાખ ટન મગફળીની ખરીદી કરી હતી. જેમાં ગુજરાતમાંથી ૩.૭૨ લાખ ટન, રાજસ્થાનમાંથી ૧.૪૪ લાખ ટન અને આંધ્રપ્રદેશમાંથી ૧૬,૬૦૦ ટન ટેકાના ભાવે (રૂા. ૫૦૯૦/– પ્રતિ કિવન્ટલ) ખરીદી કરી હતી.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન મગફળીનો વાવેતર વિસ્તાર આશે ૨૧.૫૯ લાખ હેકટર નોંધાયેલ (ત્રીજો આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત) જે ગત વર્ષ ૨૦૧૯–૨૦માં ૧૬.૮૮ લાખ હેકટર રહેલ. (સુધારેલ અંતિમ આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત) તેમજ ઉત્પાદન અંદાજે ૪૧.૨૦ લાખ ટન નોંધાવા પામ્યું હતું. જે ગત વર્ષ ૨૦૧૯–૨૦માં ૪૬.૪૫ લાખ ટન હતું.

ભારત વિશ્વમાં પામતેલનો સૌથી મોટો આયાત કરનાર દેશ છે. ભારત સરકારે ક્રૂડ પામ ઓઇલ પરનો કરવેરો ૨૭.૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કર્યો હતો. પરંતુ અલગથી કરવેરા તરીકે ૧૭.૫ ટકા સેસ લાગુ કર્યો છે. આ સેસનો ઉપયોગ કૃષિ ઇન્ફ્રાસ્ટ્રકચર અને અન્ય વિકાસ ખર્ચમાં ઉપયોગ કરવામાં આવનાર છે. આ પ્રતિબંધોની ભારતમાં મગફળીની પાક પર સકારાત્મક અસર પડશે.

ગુજરાતમાં મગફળીનો ભાવ ઓકટોબર–નવેમ્બર–૨૦૧૯માં રૂા. ૯૪૩/– પ્રતિ મણથી વધીને ઓકટોબર–નવેમ્બર–૨૦૨૦માં રૂા. ૯૭૭/– પ્રતિ મણ થયો હતો. હાલ મે–૨૦૨૧ દરમિયાન મગફળીનો ભાવ ગુજરાતના બજારોમાં રૂા. ૧૧૩૧/– પ્રતિ મણ છે.

ઉકત ઉત્પાદન, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને સ્થાનિક બજારોની વિગતોને દયાનમાં લઇને સેન્ટર ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટીંગ ઇન્ટેલીજન્સ નાહેપ–કાસ્ટ, પ્રોજેકટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના તારણ પરથી અનુમાન કરવામાં આવ્યું છે કે, ઓકટોબર–નવેમ્બર–૨૦૨૧માં મગફળીનો ભાવ રૂા. ૯૮૦/– થી ૧૦૯૦/– પ્રતિ મણ (રૂા. ૪૯૦૦/– થી રૂા. ૫૪૫૦/– પ્રતિ કિવન્ટલ) રહેવાની સંભાવના હોવાનું સેન્ટર ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ કાસ્ટ પ્રોજેકટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા જણાવાયું છે.

# દે.બારીયામાં બંધ મકાનને નિશાન બનાવી ૬૪ હજારની ચોરી કરતાં તસ્કરો

દે.બારીયા,

દેવગઢ બારીઆ નગરમાં એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોના, ચાંદીના દાગી, રોકડા રૂપીયા મળી કુલ રૂા.૬૪,૮૦૦ની મત્તા ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

દેવગઢ બારીઆ નગરમાં સ્ટેશન શેરી, શો રૂમની પાછળ રહેતાં ચંચલબેન ધર્મેન્દ્રકુમાર શર્માના બંધ મકાનને ગત તા.૦૫ જુનના રોજ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં મુકી રાખેલ સોના, ચાંદીના દાગી તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૬૪,૮૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે ચંચલબેન ધર્મેન્દ્રકુમાર શર્માએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૨૪ કલાકમાં કોરોનાના ૧.૦૬ લાખ નવા કેસ, ૨,૪૨૭ મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસનો કહેર ધીરે ધીરે ઓછો થઈ રહ્યો છે. નવા કેસનો ગ્રાફ સતત નીચે જઈ રહ્યો છે. પરંતુ કોવિડ-૧૯થી થનારા મોતના આંકડામાં સતત ઉતાર ચડાવ ચાલુ છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા એક લાખ જેટલા કેસ નોંધાયા છે. જ્યારે ૨૪૨૭ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. આ અગાઉ રવિવારે જાહેર થયેલા આંકડા મુજબ ૨૪ કલાકમાં કોરોનાના ૧.૧૪ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૨૬૭૭ કોરોના દર્દીઓના મોત થયા હતા.



કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૦૦,૬૩૬ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોની સંખ્યા ૨,૮૯,૦૯,૯૭૫ પર પહોંચી છે. એક દિવસમાં ૧,૭૪,૩૯૯ દર્દીઓ રિકવર થયા છે. કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા હવે ૨,૭૧,૫૯,૧૮૦ થઈ છે. જો કે હજુ પણ ૧૪,૦૧,૬૦૯ દર્દીઓ સારવાર હેઠળ છે. ૨૪ કલાકમાં ૨૪૨૭ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૩,૪૯,૧૮૬ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોરોના રસીના કુલ ૨૩,૨૭,૮૬,૪૮૨ ડોઝ અપાયા છે.

દેશમાં બે મહિના બાદ કોરોનાના આટલા ઓછા કેસ સામે આવ્યા છે. આ અગાઉ ૫ એપ્રિલના રોજ તેનાથી પણ ઓછા કેસ નોંધાયા હતા. તે વખતે દેશભરમાંથી કોરોનાના નવા ૯૬ હજાર ૯૮૨ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ રવિવારે ૧૫,૮૭,૫૮૯ કોરોના ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં દેશભરમાંથી કુલ ૩૬,૬૩,૩૪,૧૧૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે.

લોકડાઉન પછી હવે દેશના ઘણા રાજ્યોમાં અનલોકની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સરકાર દ્વારા કોરોના વાયરસની રોકથામ માટે શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના રસીકરણ કાર્યક્રમો જોરશોરથી ચલાવવામાં આવી રહ્યા છે. આ સાથે લોકોને જાગૃત પણ કરવામાં આવી રહ્યા છે, જેથી વધુમાં વધુ લોકો રસી લગડાવે. આ સિવાય લોકોને કોરોના પ્રોટોકોલને અનુસરવાની અપીલ કરવામાં આવી રહી છે.

## કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની નવી ગાઈડલાઈન
# કોરોનાના હળવા લક્ષણોવાળા વ્યક્તિએ કોઈ પણ પ્રકારની દવા લેવાની જરુર નથી

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોનાની સારવારની ગાઈડલાઈન્સમાં બદલાવ કર્યા છે. આના પ્રમાણે જે દર્દીઓમાં કોરોનાના લક્ષણો દેખાતા નથી અથવા હળવા લક્ષણો છે તેમણે કોઈ પણ પ્રકારની દવા લેવાની જરૂર નથી. જો કે બીજી બીમારીઓની જે દવાઓ ચાલી રહી તેને ચાલું રાખવી જોઈએ. આવા દર્દીઓએ ટેલી કંસલ્ટેશન (વિડીયો દ્વારા સારવાર) લેવી જોઈએ. સારું ડાયટ લેવું જોઈએ અને માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા નિયમોનું પાલન કરવું જોઈએ. ડાયરરેક્ટ જનરલ ઑફ હેલ્થ સર્વિસીઝએ નવી ગાઈડલાઈન હેઠળ એસિમ્પ્ટોમેટિક દર્દીઓની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવી રહેલી તમામ દવાઓને યાદીમાંથી હટાવી દીધી છે. આમાં તાવ અને શરદી-ખાંસીની દવાઓ પણ સામેલ છે. ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે આવા સંક્રમિતોને બીજા ટેસ્ટ કરાવવાની જરૂરીયાત પણ નથી. આ પહેલા ૨૭ મેના ગાઈડલાઈડ જાહેર કરવામાં આવી હતી, જેમાં હળવા લક્ષણોવાળા દર્દીઓ પર હાઈડ્રોક્સીક્લોરોક્વીન, આઈવરમેક્ટિન, ડૉક્સીસાઈક્લિન, ઝિંક અને મલ્ટીવિટામિનના ઉપયોગની મનાઈ કરવામાં આવી હતી. હવે આમને ફક્ત એન્ટિપાઈરેટિક અને શરદી-ખાંસીના લક્ષણો માટે એન્ટિટ્યુસિવ જ આપવામાં આવશે. આ ઉપરાંત એસિમ્પ્ટોમેટિક દર્દીઓને સીટી સ્કેન જેવા બિનજરૂરી ટેસ્ટ લખવાની પણ મનાઈ કરી હતી. સાથે જ જો કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત થાય છે તો તેને ફોન પર કન્સલ્ટેશન લેવા અને પોષ્ટિક ભોજન લેવાની સલાહ આપવામાં આવી છે. ગાઈડલાઈનમાં કોરોના દર્દીઓ અને તેમના પરિવારને એકબીજા સાથે ફોન અથવા વિડીયો કૉલ દ્વારા સકારાત્મક વાતો કરવા અને એકબીજાથી જોડાયેલા રહેવાની સલાહ આપાવામાં આવી છે.

# ડાક વિભાગની પહેલ, હવે સ્પીડ પોસ્ટથી ગંગામાં અસ્થિઓનું વિસર્જન કરી શકાશે

ન્યુ દિલ્હી,

પોસ્ટ વિભાગે કોરોના કાળમાં મૃત્યુ પામ્યા હોય તેવા લોકોના પરિવારજનો માટે એક નવી પહેલ કરી છે. ઓમ દિવ્ય દર્શન સંસ્થાના સહયોગથી પોસ્ટ વિભાગે શરૂ કરેલી પહેલ અંતર્ગત મૃતક વ્યક્તિના અસ્થિ સ્પીડ પોસ્ટ દ્વારા વારાણસી, પ્રયાગરાજ, હરિદ્વાર અને ગયા મોકલી શકાશે. ત્યાં સંસ્થાના પ્રતિનિધિઓ વિધિવત અસ્થિ વિસર્જન સહિત શ્રાદ્ધ વગેરે કર્મકાંડ કરાવી આપશે.

કોરોના સંક્રમણ દરમિયાન અનેક લોકોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે અને વિધિવત રીતે તેમના અંતિમ સંસ્કાર પણ નથી થઈ શક્યા. સનાતન ધર્મમાં પવિત્ર નદીઓમાં અસ્થિ વિસર્જનની પરંપરા છે. તેને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી પહેલ અંતર્ગત દેશના કોઈ પણ ખૂણેથી પોસ્ટ ઓફિસ દ્વારા સ્પીડ પોસ્ટના માધ્યમથી અસ્થિ ઉક્ત જગ્યાઓએ મોકલી શકાશે. આ સુવિધા મેળવવા માટે ઈચ્છુક વ્યક્તિએ ઓમ દિવ્ય દર્શન સંસ્થાના પોર્ટલ htpp://omdivyadarshan.org પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. ત્યાર બાદ પોસ્ટ ઓફિસના માધ્યમથી અસ્થિઓનું પેકેટ સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. સારી રીતે પેક કરવામાં આવેલા અસ્થિના પેકેટ પર મોટા અક્ષરોમાં 'ઓમ દિવ્ય દર્શન' લખવાનું રહેશે જેથી તેને અલગ ઓળખી શકાય. પેકેટ પર મોકલનારાનું સંપૂર્ણ નામ, એડ્રેસ, મોબાઈલ નંબર પણ લખવાનો રહેશે. મોકલાનારા પાસેથી જ સ્પીડ પોસ્ટનો ચાર્જ લેવામાં આવશે.

સ્પીડ પોસ્ટ બુક કર્યા બાદ મોકલનારાને ઓમ દિવ્ય દર્શન સંસ્થાના પોર્ટલ પર સ્પીડ પોસ્ટ બારકોડ નંબર સહિતની બુકિંગ ડિટેઈલ્સ અપડેટ કરવી પડશે. પોસ્ટ ઓફિસમાં પેકેટ આવી જાય ત્યાર બાદ તેને ઓમ દિવ્ય દર્શનના એડ્રેસ પર મોકલવામાં આવશે. ત્યાર બાદ સંસ્થાના પુરોહિતો દ્વારા વિધિવત અસ્થિ વિસર્જન અને શ્રાદ્ધ સંસ્કાર વગેરે કરાવવામાં આવશે. મૃતકના પરિવારજનો વિધિને વેબકાસ્ટના માધ્યમથી જોઈ પણ શકશે. તમામ સંસ્કારો બાદ સંસ્થા મૃતકના પરિવારજનોને પોસ્ટ દ્વારા એક બોટલ ગંગાજળ પણ મોકલશે.

## દૈનિક રાશીફળ
તા.૦૮.૦૬.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.):- તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમે માનો કે ન માનો પણ તમને કોઈક બહુ જ નિકટથી જોઈ રહ્યું છે અને તમને પોતાનો રૉલ મૉડેલ ગણે છે

વૃષભ(બ.વ.ઉ.):- લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

મિથુન(ક.છ.ઘ.):- આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. જુદા પ્રકારના રૉમાન્સનો અમુભવ થવાની શક્યતા છે.

કર્ક(ડ.હ.):- જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે

સિંહ(મ.ટ.):- માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો. સારાં માનવી મૂલ્યો તથા ઉષ્માસભર હૃદય સાથે અન્યોનું માર્ગદર્શન કરવાની તથા મદદ કરવાનો સહજ ઉમળકો.

કન્યા(પ.ઠ.ણ.):- આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

તુલા(ર.ત.):- શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.

વૃશ્ચિક(ન.ય.):- લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.

મકર(ખ.જ.):- પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

કુંભ(ગ.શ.સ.):- જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે.

મીન(દ.ચ.ઝ.):- મિત્રો સહકાર [redacted] મને ખુશ રાખશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે [redacted] મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વ[redacted]ન આપો. મિત્રોનો સાથ રાહત આપશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### ગરબાડામાં ભેજાબાજ ઈસમે

# ખોટી RPFમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી પાંચ યુવકો પાસેથી ૧૨.૫૦ લાખ પડાવ્યા

દાહોદ,
દાહોદ જિલ્લાના નાનકડા ગામ એવા ગરબાડામાં એક ભેજાબાજ ઈસમો પોતાની ઓળખ આર.પી.એફ.માં નોકરી કરતો હોવાની ખોટી ઓળખ આપી અને ગરબાડામાં રહેતાં પાચ જેટલા બેરોજગાર યુવકોને નોકરી રેલ્વેમાં નોકરી અપાવવાની લાલચ આપી અલગ અલગ સમયગાળા દરમ્યાન આ પાંચેય યુવકો પાસેથી કુલ રૂા.૧૨,૫૦,૦૦૦ રૂપીયાની છેતરપીંડી કરી આ ભેજાબાજ ક્યાંક ફરાર થઈ ગયો હતો અને છેતરપીંડી, વિશ્વાસ ઘાત કરતાં આ સંબંધે છેતરપીંડીનો ભોગ બનેલ એક યુવકે આ સંબંધે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. ત્યારે આ ફરિયાદના ગણતરીના કલાકોમાં બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ આરોપીને પકડી પાડવા પોલીસે ચક્રોગતિમાન કરતાં આજરોજ એલ.સી.બી.



પોલીસે આ ભેજાબાજ આરોપીને તેના આશ્રય સ્થાનેથી ઝડપી પાડવામાં આવેલ છે. પોલીસે તેના ઘરમાં તલાસી લેતાં અનેક વસ્તુઓ મળી આવી ત્યારે આ ગરબાડાના યુવકો સાથે સાથે અન્ય કેટલાં બેરોજગાર યુવકોને આ ભેજાબાજે પોતાની જાળમાં ફસાવ્યાં હશે? તેની પુછપરછ પણ પોલીસ હાથ ધરી રહી છે.

ગરબાડા નગરમાં માળ મોહનીયા ફળિયામાં રહેતો અરવિંદભાઈ મનુભાઈ સંગાડાએ પોતે રેલ્વેમાં આર.પી.એફ.માં એસ.આઈ. તરીકે નોકરી કરૂં છું. તેવી ખોટી ઓળખ ઉભી કરી ગરબાડા નગરમાં રહેતાં દેવેન્દ્રભાઈ હરીશભાઈ પંચાલ, સલમાન યુસુબ શેક, ગણેશભાઈ કાળુભાઈ ચાવડા, સોહીલભાઈ યુસુબભાઈ શેખ, એજાજ શોએબ શેખ આ યુવકોને રેલ્વેમાં નોકરી અપાવવાની લાલચ આપી તારીખ ૧૪.૦૧.૨૦૨૦ થી તારીખ ૦૨.૦૫.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન અલગ અલગ બહાને ઉપરોક્ત યુવક પાસેથી આ અરવિંદભાઈ સંગાડાએ કુલ રૂા.૧૨,૫૦,૦૦૦ ખેરવી લીધા હતાં. લાંબો સમય વિતી ગયાં બાદ પણ નોકરીનું કોઈ ઠેકાણું ન પડતાં ઉપરોક્ત યુવકો દ્વારા આ અરવિંદભાઈને ફોન પર ફોન પણ કરતાં હતાં અને અરવિંદભાઈનો મોબાઈલ સ્વીચ ઓફ અથવા તો તેઓ ઉપાડતાં ન હતાં. એક દિવસ આ ભેજાબાજ અરવિંદ દ્વારા ઉપરોક્ત યુવકોને બનાવટી આઈ કાર્ડ અને ખોટા નોકરીના ઓર્ડરો આપી દીધાં હતાં. આખરે નોકરી ન મળતાં અને પોતાની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી થઈ હોવાનું માલુમ પડતાં અને આ અરવિંદ કોઈ રેલ્વેના આર.પી.એફ.માં નોકરી ન કરતો હોવાનું સામે આવતાં

## ભેજાબાજ નકલી RPF અરવિંદને પોલીસે ઝડપ્યો

યુવકોના હોશ ઉંડી ગયાં હતાં. આખરે ન્યાય માટે યુવકો ગરબાડા પોલીસ મથકે પહોંચ્યાં હતાં અને ત્યાં આ ભેજાબાજ અરવિંદ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં બનાવની ગંભીરતાં દાહોદ જિલ્લા પોલીસ વડાને ધ્યાનમાં આવતાં તેઓ દાહોદ એલ.સી.બી. પોલીસને સુચના અને માર્ગદર્શન આપ્યું હતું અને આ ભેજાબાજ અરવિંદને તાત્કાલિક ઝડપી પાડવા આદેશો આપતાં દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો. પોલીસે અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સના માધ્યમની પણ મદદ લેતાં આ ભેજાબાજ અરવિંદ તેના આશ્રય સ્થાને છુપાયેલો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે આજરોજ તેના આશ્રય સ્થાને ધામા નાંખ્યા હતાં અને ભેજાબાજ અરવિંદને ઝડપી પાડી તેના મકાનની તલાસી લેતાં એક ખાખી કલરનું શર્ટ જેના ખભાના બંન્ને સોલ્ડર પટ્ટી ઉપર અંગ્રેજીમાં આરપીએફ તથા બંન્ને બાજુ બે સ્ટારવાળું શર્ટ, રેલ્વે સુરક્ષા દળનો લોગો, પોતાના નામની નેમ પ્લેટ, ખાખી કલરના શર્ટ, પેન્ટ, પીસ્ટલ લગાવવાનું કવર, પ્લાસ્ટીકની રમકડાની પીસ્ટલ, ઈન્ડીગો ફ્લાઈટની ટીકીટ, ત્રણ બેન્કની પાસબુકો, આધાર કાર્ડ વિગેરે મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

આ અરવિંદ નોકરીથી વંચિત યુવકોને ટાર્ગેટ કરતો હતો. રેલ્વેના આર.પી.એફ.માં નોકરીના બહાને છેતરપીંડી, વિશ્વાસઘાત, કરી પોતે રેલ્વે આર.પી.એફ.માં એસ.આઈ. તરીકેની ખોટી ઓળખ આપતો હતો. પી.એસ.આઈ.નો ડ્રેસ પહેરી મોબાઈલમાં ફોટા પાડી બેરોજગાર યુવકોને બતાવતો હતો અને યુવકોને નોકરી અપાવવાના બહાને નાણાં પડાવતો હતો. ખોટા આઈ કાર્ડ બનાવી બેરોજગાર યુવકોને અમદાવાદથી પ્લેન મારફતે પશ્ચિમ બંગાળમાં મોકલતો હતો અને ત્યાં દશ દિવસ સુધી યુવકોને રાખવામાં આવ્યાં હતાં અને સાહેબ તમને ટ્રેનીંગ માટે લેવા આવશે તેમ જણાવતાં હતો અને ત્યાંથી વલસાડ ખાતે ટ્રેનીંગમાં મોકલવાના બહાને યુવકોને ટ્રેન મારફતે મોકલવામાં આવ્યાં હતાં.

આ ભેજાબાજ અરવિંદ આર.પી.એફ. પોલીસની એપ્લીકેશન તેમજ સોફ્ટવેર, ગ્રાફીક્સનો ઉપયોગ કરી તેના માધ્યમથી કોલ લેટર તેમજ આઈકાર્ડ, આર.પી.એફ.નો લોગો ડાઉનલોડ કરી મોબાઈલ એપ્લીકેશનથી ફોટા પાડી આઈ.ડી. કાર્ડ તેમજ કોલ લેટર બનાવતો હતો.

પકડાયેલ આ અરવિંદે જિલ્લા તેમજ જિલ્લા બહારના અન્ય કેટલા બેરોજગાર યુવકોને પોતાનો કસબ અજમાવી શિકાર બનાવ્યાં હશે? અને નાણાં પડાવ્યાં હશે? આર.પી.એફ.નો ડ્રેસ તેમજ તેની સાધન સામગ્રી ક્યાંથી કોના માધ્યમથી મેળવી? તેને આ પોલીસ આર.પી.એફ. નો ડ્રેસ પહેરી અન્ય કોઈ ગુન્હાઓ આચરેલ કે કેમ? તેની સાથે આ સમગ્ર કૌભાંડમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ? તેમજ નોકરીથી વંચિત યુવકો પાસેથી પડાવેલ નાણાંનો ઉપયોગ કંઈ જગ્યાએ કર્યો? તે તમામ વિષય ઉપર હાલ પોલીસ આ અરવિંદની પુછપરછ સહિત તપાસનો ધમધમાટ આરંભ કરી રહી છે.

# વિદેશમાં કોવિડ શિલ્ડને માન્યતા મળતાં રાજસ્થાન ડુંગરપુરના ૩૦ લોકોએ સંજેલી પ્રથમ ડોઝ લીધો

દાહોદ,
ગુજરાતના દાહોદના પાડોશી રાજ્ય રાજસ્થાનમાં બે દિવસથી વેક્સિનશ બંધ હોવાથી વિદેશ જવા ઇચ્છુક લોકો મુંઝવણમાં મુકાયા છે. વિદેશમાં કોવિડશિલ્ડને જ માન્યતા હોવાથી હવે આ લોકોએ ગુજરાત તરફ ડોળો ફેરવ્યો છે. હજારો રૂપિયાનો ખર્ચ કરીને આવા લોકો ૧૦૦ કિમી દૂર ગુજરાતમાં ભ્રમણ કરી રહ્યા છે. રવીવારે ૧૨ હજાર રૂપિયાના ખર્ચીને રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાથી દાહોદના સંજેલી આવેલા ૩૦ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો.

દાહોદ જિલ્લાના સંજેલી CHCમાં રવીવારના રોજ વેક્સિનેશનની કામગીરી ચાલુ હતી. ત્યારે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના સાગવાડાથી આવેલા મહિલા પુરૂષોના ટોળાએ વેક્સિન લેવાની ઈચ્છા વ્યકત કરી હતી.રાજસ્થાનમાં બે દિવસથી વેક્સિનેશન બંધ હોવાથી ગુજરાતમાં સ્લોટ બુક કરાવી વેક્સીન મુકાવી હતી.રાજસ્થાનથી ગુજરાત આવેલા ૩૦ જેટલાં લોકો દક્ષિણ દેવા આવ્યા હતા. આ તમામને વિદેશ જવાનું હોવાથી કોવિડશિલ્ડ વેક્સિન મુકાવવાની હોવાથી તેઓ અહીં આવ્યા હતાં. વિદેશ જવા ઈચ્છુક ૧૮ થી ૪૪ વર્ષની વય ધરાવતી ૨૧ મહિલા,૮ પુરૂષ અને તેમની સાથે આવેલા ગાડીનો ડ્રાઈવર મળીને ૩૦ લોકોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તમામને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

રવીવારના રોજ સંજેલી CHC માં કુલ ૪૪ લોકોનું રસીકરણ નોંધાયુ હતું. જેમાંથી ૩૦ લોકો સંજેલીથી ૧૦૦ કિમી દુર સાગવાડાના હતાં. આ ૩૦ લોકો ચાર ગાડી લઇને સંજેલી આવ્યા હતાં. જેમાંથી ત્રણ ગાડી તો તેમણે ભાડે કરી હતી. ગુજરાતના સંજેલીમાં મફતમાં રસી મુકાવવા માટે વિદેશ જવા ઈચ્છુક રાજસ્થાનના આ લોકોએ ૧૨ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હતો. દાહોદ જિલ્લામાં હાલમાં પણ વેક્સિન લેવા પ્રત્યે ઉદાસિનતા રાખતા લોકો માટે આ બોધ સમાન કિસ્સો છે.

### રાજસ્થાની ચાલકે પણ રસી મુકાવી....

સંજેલીમાં વેક્સિનન માટે આવેલા લોકોની ગાડી હંકારી સંજેલી લાવનાર સાગવાડાના 30 વર્ષિય મોહસીન મકરાણીએ પણ વેક્સિન લેવા માટેનો રાજસ્થાની ચાલકે પણ રસી મુકાવી સંજેલીમાં વેક્સિનન માટે આવેલા લોકોની ગાડી હંકારી સંજેલી લાવનાર સાગવાડાના 30 વર્ષિય મોહસીન મકરાણીએ પણ વેક્સિન લેવા માટેનો રસ દાખવ્યો હતો. જેથી તેનું પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરીને મોહસીનને પણ પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. મોહસીનને વિદેશ નથી જવાનું પરંતુ વેક્સિનની મહતા સમજાતા તેણે આ નિર્ણય લીધો હતો.

### રાજસ્થાનમાં બે દિવસથી વેક્સિનેશન બંધ છે....

ઉદેપુર, ડુંગરપુર અને બાંસવાડામાં બે દિવસથી વેક્સિનેશન બંધ છે અને હજી બંધ રહેશે તેવુ સંભળાઈ રહ્યું છે. સંજેલી ક્યાં આવ્યું તે પણ અમને ખબર ન હતી. કોવિડશિલ્ડનો સ્ટોક હોવાનું અમે ઓનલાઈન જોયું હતું. જેથી અમે અને સમાજના વિદેશ જવા ઈચ્છુક લોકો વેક્સીન લેવા અહીં આવ્યા હતાં. ત્યારે સાગવાડાથી ચાર ગાડી લઈને સંજેલી આવ્યા હતાં. તેમાંથી ત્રણ ગાડી ભાડે કરી હતી અમને બધાને અંદાજે ૧૨ હજાર રૂપિયાનો ખર્ચ થયો. અમારે બધાને ગલ્ફ કન્ટ્રીમાં જવાનું છે. જોકે રાજસ્થાન જથ્થો ઉપલબ્ધ હોવાથી 30 ને પ્રથમ ડોઝ આપ્યો રાજસ્થાનના સાગવાડા આરોગ્ય કેન્દ્રમાં કોવિડવેક્સિન સામે કો વેક્સીન ઉપલબ્ધ હોવાથી વિદેશ જનાર લોકોને કોવિડવેક્સિનને માન્યતા હોઈ સંજેલી આરોગ્ય કેન્દ્રમાં જથ્થો ઉપલબ્ધ ને લઈ 30 લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હોવાનું સીએસસીના અધિક્ષક યુ.સી. લોહરાએ જણાવ્યું હતું.

# દાહોદના ચાર હજાર આરોગ્ય સેનાનીઓને કોરોનાલક્ષી તાલીમ આપવામાં આવશે

દાહોદ,
દાહોદમાં કોરોના વાયરસની ત્રીજી લહેરનો સામનો કરવા માટે આરોગ્ય તંત્ર સજ્જ થઈ રહ્યું છે. આ સજ્જતાના ભાગરૂપે જિલ્લાના ચાર હજારથી પણ વધુ આરોગ્યસેનાનીઓને બાળકોની માઈનોર સારવાર અંગે તાલીમ આપવામાં આવી રહી છે. કોરોનાની ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધુ સંક્રમિત થવાની શક્યતાને ધ્યારે રાખીને આરોગ્ય વિભાગ દ્વારા કર્મચારીઓને આ તાલીમ આપી પૂર્વ તૈયારીઓ કરી રહ્યું છે.



દાહોદ જિલ્લાની તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના તબીબી અધિકારીઓને માઈનોર પીડિયાટ્રિક ટ્રીટમેન્ટ પ્રોટોકોલની તાલીમ આપવામાં આવી રહી છે. આવા ૧૬૦ જેટલા મેડિકલ ઓફિસર છે. બાળકોને કોરોના થવાના સંજોગોમાં તેમાં રેસીપોરેટ્રી ઈન્ડીકેટર સામાન્ય કરતા હોય છે. તેની સમજ તબીબી અધિકારીઓને આપવામાં આવે છે. માઈલ્ડ અને મોડેરેટ પ્રકારમાં કેવી સારવાર કરવી ? કેવા સંજોગોમાં બાળદર્દીઓને રિફર કરવા સહિતની સમજ આપવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી આષ્યુમાન ભારત યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં ખોલવામાં આવેલા હેલ્થ વેલનેસ સેન્ટરમાં કાર્યરત સામુદાયિક આરોગ્ય અધિકારીઓ ઉપરાંત રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના તબીબી અધિકારીઓને પણ તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ ડો. મોહિત દેસાઈ આપી રહ્યા છે.

જેમાં આરોગ્યકર્મીઓને હાઈફ્લો નસલ કેન્યુલા, કન્ટીન્યુઅસ પોઝિટિવ એરવે પ્રેશર, બાઈપેપ, ઓક્સીઝન લાઇન, ઓક્સીજન સિલિન્ડરનો કેવી રીતે ઉપયોગ કરવા તેની સાદી સમજ આપવામાં આવી રહી છે. કારણ કે, રાજ્ય સરકાર દ્વારા હવે સીએચસી કક્ષાએ પણ ઓક્સીજન બેડની સુવિધા આપવા જઈ રહી છે. ત્યારે આરોગ્યકર્મીઓને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે આવડતું હોવું જોઈએ.

કોરોના વાયરસની ત્રીજી લહેરમાં આશા વર્કર્સની ભૂમિકા મહત્વની રહેવાની છે. કારણ કે, ગ્રામજનો સાથે સીધો સંપર્ક આશા વર્કર્સ ધરાવે છે. તેની દાહોદની તમામ આશા વર્કર્સને તાલીમમાં સાંકળી લેવામાં આવશે.

## દાહોદ સ્વામિ વિવેકાનંદ ચોક ખાતે કોંગ્રેસ દ્વારા કોરોના દિવંગતને શ્રદ્ધાંજલિ આપી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
તાજેતરમાં કોઈની મહામારીને કારણે કોરોના થી મૃત્યુ પામેલ દિવંગત વ્યક્તિઓની આત્માને શાંતિ તે માટે તેઓને સામૂહિક શ્રદ્ધાંજલિ આપવા માટે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ તારીખ ૭ જૂનના રોજ શહેરના સ્વામી વિવેકાનંદ ચોક ખાતે સામૂહિક શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કોરોનાની બીજી લહેર એ સૌ કોઈને હચમચાવી નાખ્યા છે. કોરોનાની બીજી લહેરમાં વયોવૃદ્ધ થી લઇ યુવાનોને પણ પોતાના સકંજામાં લોકોને જકડીયા હતા. કોરોનાની આ બીજી શહેરમાં મૃત્યુઆંકમાં પણ ખૂબ જ વધારો થયો છે. ત્યારે દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ જિલ્લામાં પણ કોરોના ની બીજી લહેરે હાહાકાર મચાવી મૂક્યો હતો. એપ્રિલ માસના પ્રારંભ સાથે જ કોરોના એ પોતાનું રૌદ્ર રૂપ ધોરણ કરતા સૌ કોઈ ફફડી ઉઠયા હતા દાહોદના સ્મશાનગૃહમાં કોરોના થી મૃત્યુ પામેલ લોકોને અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈનો પણ જાગતી હતી કોરો નથી રોજ રોજ ઘણા દર્દીઓ મોતને ભેટી રહ્યા હતા. ત્યારે આવી અત્યંત વિકટ આ પરિસ્થિતિમાં કોરોના થી મૃત્યુ પામેલ દિવગંત વ્યકિતઓની આત્માને શાંતિ મળે તેવા શુભ આશય સાથે સામૂહિક શ્રદ્ધાંજલિ સભાનું દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તાર ખાતે આવેલ સ્વામી વિવેકાનંદ ચોક ખાતે સવારના સાડા અગિયાર કલાકે યોજવામાં આવ્યો હતો. આ સભામાં દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ કાર્યકરો સહીત પાર્ટીના લોકો સભામાં જોડાયા હતા.

## લીમખેડાના ઉસરા ગામે લગ્નના ખર્ચ માટે પરણિતાને પતિ ત્રાસ આપતાં ફરિયાદ

લીમખેડા,
લીમખેડા તાલુકાના ઉસરા ગામે પરણિતાના બહેનના લગ્નમાં ખર્ચ થયેલ નાણાં બાબતે પરણિતાના પતિ દ્વારા પરણિતાને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે. દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે વાવડી ફળિયામાં રહેતી ૨૨ વર્ષીય પાયલેન અક્ષયકુમાર રાઠોડના પતિ અક્ષયકુમાર વિઠ્ઠલભાઈ રાઠોડે ગત તા.૦૧ જુનના રોજ પરણિતાના પિયરમાં જઈ પરણિતા સાથે ઝઘડો તકરાર કર્યો હતો અને બેફામ ગાળો બોલી કહેલ કે, તારી બહેનના લગ્નમાં થયેલ ખર્ચાના રૂપીયા તારા પિતાએ મને કેમ આપેલ નથી, તેમ કહી પરણિતા પાયલબેનને શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પાયલબેન દ્વારા પોતાના પતિ અક્ષયકુમાર વિઠ્ઠલભાઈ રાઠોડ વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



દાહોદ શહેરના બસ સ્ટેન્ડ નજીક એક જૈન પરિવાર દરરોજ સવારે નાસ્તો કરવા બેસતા ત્યારે એક છછુંદરી અઠવાડિયાથી પરિવાર સાથે નાસ્તો કરવા આવી જાય છે. નાસ્તો કરતા જૈન પરિવાર સાથે તસવીરમાં નજર પડે છે.

# ભણકારા નવયુગનાં

આજ પ્રકૃતિ ખીલી રહી
જાણે ધરતીએ પહેર્યું લીલું
પાનેતર,
આ પાનખરમાં વસંતનાં
ભણકારા...

કાગળની હોડીને ઠેઠ મઝધારે
લાવ્યાં,
આ ઝાંઝવાનાં નીરમાં
ઘોડાપુરનાં ભણકારા....



જીજ્ઞા કપુરીયા (નિયતી)

શાસ્વત ઝંખના કે ઝળહળતી જિંદગીમાં,
આ આસુંનાં ઝરણાંમાં તારા આગમનનાં ભણકારા...

પ્રેમ એવો પાંગર્યો જાણે પવનને પાંખો ફૂટી અને
પ્રાંગણામાં ઘૂઘરી ઘમકી,
આ ભીતરે નવજીવનનાં ભણકારા.....

ગર્ભનાળ દ્વારા સ્થાપિત થયો આપણો સંબધ,
આ માતૃત્વમાં પણ નવ ચેતનાનાં ભણકારા....

જીવનરૂપી ''નિયતી''માં મૃત્યુરૂપી તાંડવ,
આ કોરોનાકાળમાં નવયુગનાં ભણકારા.....

## પીપલોદ ગામે ઓવરબ્રીજ પાસે મુસાફર ભરેલ છકડો પલ્ટી જતાં એક મહિલાનું મોત

પીપલોદ,
દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે ઓવર બ્રીજ નજીક એક પેસેન્જર ભરેલ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં છકડો પલ્ટી ખાઈ જતાં અંદર પેસેન્જરોને શરીરે ઈજાઓ થવા પામી હતી. ત્યારે એક મહિલાને ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળ પર જ મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

એક છકડાનો ચાલક ગત રોજ પોતાના છકડામાં પેસેન્જરો ભરી પીપલોદ થી ગલીયાગોટ ગામેથી જઈ રહ્યો હતો. આ દરમ્યાન રસ્તામાં પીપલોદ ઓવર બ્રીજ નજીક આ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં છકડો પલ્ટી ખાઈ ગયો હતો અને અંદર બેઠેલ પેસેન્જરો છકડામાંથી ફંગોળાતાં તેઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ પૈકી દેવગઢ બારીઆ તાલુકાના ગુણા ગામે નિશાળ ફળિયામાં રહેતાં કોકીલાબેન પરમારને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મૃતક કોકીલાબેનના પુત્ર મણીલાલ રણવીરસિંહ પરમાર દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 243

## કાલોલ તાલુકા વિકાસ અધિકારી સેજલબેનના શાસનમાં...

# વેજલપુર ગ્રામ પંચાયતમાં ત્રિપુટીના કારનામાં... ભ્રષ્ટાચારની બોલબાલા...!!

## ગુજરાત વિકાસ મોડેલનું સૂરસુરીયું બોલાવી ગુજરાત વિકાસ મોડેલને લાંછન લગાવતી આ બની બેઠેલી ત્રિપુટી...!

**વેજલપુર ગ્રામ પંચાયતના કૌભાંડી તલાટી રમેશ ભોઈ અને મહિલા સરપંચના પતિએ પોતાની સત્તાનો દુરઉપયોગ કરી લાખ્ખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરી નાખ્યો હોવાની ઉઠેલી ફરિયાદો...!**

**કાલોલ તાલુકા વિકાસ અધિકારીની અહો કૃપા-નિષ્ક્રિયતા થી વેજલપુર ગ્રામ પંચાયતનો તલાટી રમેશ ભોઈ અને તેના મળતીયાઓના જલસા...? શું આ સત્ય છે...??**

**વેજલપુર ગ્રામ પંચાયતનો તલાટી રમેશ ભોઈ અને તેના મળતીયા ભ્રષ્ટાચારમાં મગ્ન બની રૂપીયા એકઠા કરી ગગન આંબી રહ્યા છે કે, શું...?**

**ગરીબ પ્રજા માટે આવેલ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર આચરી પોતાની મનમાની કરનાર આ ત્રિપુટી ઉપર લગામ કોન લાદશે...?**

**પ્રજા કહે છે કે, પહેલાના જમાનામાં જેમ ડાકુઓ ગામડાને બાનમાં રાખતા હતાં તેમ આ તલાટી અને મહિલા સરપંચનો પતિ તેમજ પોતાને કોન્ટ્રાકટરોનો ગોડફાધર સમજતો એક બની બેઠેલો કોન્ટ્રાકટર ગામને બાનમાં રાખીને પોતાની મનમાની કરી રહયા છે. ત્યારે આ ત્રિપુટી ટોળકીને ડાકુ કહેવો કે... તે જ સમજાતું નથી...!!!**

**દેશના વડાપ્રધાન કહે છે કે,
હું ખાતો નથી અને ખાવા દેતો નથી... તો પછી તેમના જ ગૃહ રાજયમાં આવેલ વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી અને તેના મળતીયા કેમ ખાઈ રહ્યા છે...?**

**વેજલપુર ગ્રામ પંચાયતમાં મીલ બાંટકે ખાએગેનો ચાલતો ખેલ...**

**વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં ગેરરીતિઓ અને લાલીયાવાડી...**

**શું વાત કહો છો.. ? તલાટી રમેશ ભોઈ અને મહિલા સરપંચનો પતિ તેમજ રાજકીય ઘરોબો ઘરાવતો અને પોતે ગેરરીતિઓ કરવામાં પોતાને કિંગ સમજતો કોન્ટ્રાકટરે સરકારની આંખોમાં ધુળ નાખી વિકાસના નામે લાખ્ખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાની પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે...**

**વેજલપુર ગ્રામ પંચાયતમાં વિકાસના નામે મીડું જોવા મળી રહ્યો છે. અને વિકાસ માત્ર કાગળ ઉપર...**

## આ ત્રિપુટીના પાપના લીધે ગુજરાત વિકાસ મોડલમાં આવતું વેજલપુર અને અચ્છે દિનની રાહ જોતી વેજલપુર ગામની પ્રજા માટે આયે બુરે દિન..?

**વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસ કામોમાં થયેલ ગેરરીતિની કાલોલ ટી.ડી.ઓ.કચેરી ખાતે ફરિયાદો કરવા છતાં શા માટે કોઈ તપાસ થતી નથી..? શું ટી.ડી.ઓ.નું તલાટી રમેશ ભોઈ સામે કાંઈ ઉપજતું નથી...? કે પછી આવો ભાઈ હરખા આપણે બેઉ સરખાં જેવો ઘાટ ઘડાયો છે...?? કે પછી વગ અને રૂપીયાને જોરે તપાસ ઠેર ની ઠેર...???**

**કટકી કરીને શૂન્ય માંથી સર્જન કરી લખોપતિ બની બેઠેલો તલાટી અને કરોડપતિ બની બેઠેલો કોન્ટ્રાકટરની એસીબી તપાસ કરે તે જરૂરી...**

**વેજલપુરમાં થયેલ ગેરરીતિમાં કેટલાક પદાધિકારીઓ તેમજ લાલચું બાબુઓ વિશે નિષ્ટાપૂર્વક તપાસ કરવામાં આવે તો અનેકોના નીચે રેલો આવે તેમાં નવાઈ નહીં કહેવાય...**

## શહેરા તાલુકાના TDO ના સમર્થનમાં પાનમ મહિલા સંગઠન આવ્યું : TDO ઉપર કરાયેલ આક્ષેપોનું ખંડન કર્યું



શહેરા,

શહેરા તાલુકાના પાનમ મહિલા સંગઠન દ્વારા શહેરા તાલુકા વિકાસ અધિકારી સામે કરવમાં આવેલ આક્ષેપોનું ખંડન કર્યું છે અને TDOના સમર્થન અને તેમના આવ્યા પછી જે ખોટો મસ્ટર ભરતા હતા. તે બંધ થયા છે. તેના દ્વારા શ્રમિકોની રૂબરૂ મુલાકાત લઈને સ્થળ ઉપર પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે તેમની સામે થયેલા આક્ષેપની તટસ્થ તપાસ કરવા માટે માંગ કરાઈ છે.

શહેરા તાલુકામાં પાનમ મહિલા સંગઠન જે પાનમ વિસ્થાપિત ૩૦ ગામોમાં ૩૦૦૦ બહેનો સંગઠનમાં કાર્ય કરી રહી છે. આ મહિલા સંગઠનની મહિલાઓ દ્વારા શહેરા તાલુકા વિકાસ અધિકારી સામે કરવામાં આવેલા આક્ષેપો મુકવામાં આવ્યા છે. તે વાસ્તવિકતાથી જુદા છે. TDO એ શહેરા તાલુકામાં ચાર્જ સંભાળ્યો છે. ત્યારથી અમારા ગામોમાં નરેગાના કામોની સાઈડો ચાલુ થયેલ છે. શ્રમિકોને સમયસર મજુરી મળતી થઈ છે. TDO દ્વારા નરેગાના કામોની સાઈડો ઉપર શ્રમિકોની રૂબરૂ મુલાકાત લઈને જે કોઈ પ્રશ્નોનું ત્વરીત નિકાલ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી નરેગાના કામોમાં વચેટીયા પૈસા ખાતા હતા. તે બંધ થયા છે. તે ભ્રષ્ટાચાર ઓછો થયો છે. તાલુકા વિકાસ અધિકારી તરીકે ખોટું ચલાવી લેતા નથી અને ભ્રષ્ટાચાર ઉપર લગામા લાગી છે. અત્યાર સુધી જે ખોટા મસ્ટર હતા. તે કેન્સલ કરાવ્યા છે. શહેરા તાલુકા વિકાસ અધિકારીના પદભાર સંભાળ્યા બાદ તાલુકા પંચાયતનો વહીવટ પારદર્શન બન્યો છે.

જેને લઈ શહેરા તાલુકા વિકાસ અધિકારીની કામગીરી અને પારદર્શક વહીવટને જોતાં પાનમ મહિલા સંગઠન અને મહિલા શ્રમિકો દ્વારા TDO ઉપર કરવામાં આવેલા આક્ષેપોનું ખંડન કરવામાં આવ્યું છે. અને આવા આક્ષેપો કરનાર સામે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થાય તેવી માંગ સાથે પાનમ મહિલા સંગઠન દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે.

- **TDO મેડમના આવ્યા બાદ નરેગાના કામોમાં પારદર્શકતા આવી છે.**
- **વચેટીયાઓના પત્તા કપાતા આવા આક્ષેપો કરાયા છે.**
- **TDO વિરૂદ્ધ થયેલ આક્ષેપોની નિષ્પક્ષ તપાસની માંગ સાથે DDOને લેખિત રજુઆત.**

## પંચમહાલ જિલ્લાના બાગાયતી પાકની ખેતી કરતા ખેડૂતો જોગ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના બાગાયત નિયામકની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર જીલ્લામાં બાગાયતી પાકોની ખેતી કરતા ખેડુતોને બાગાયત ખાતાની વિવિધ વ્યક્તિલક્ષી સહાય યોજનાઓનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષ માટે આઈ-ખેડુત પોર્ટલ https://ikhedut.gujarat.gov.in/ તા.૦૬-૦૩-૨૦૨૧ થી ૩૧-૦૫-૨૦૨૧ સુધી અરજી કરવા ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જે માટે સમયમર્યાદા વધારીને તા.૧૫-૦૬-૨૦૨૧ સુધી કરવામાં આવી છે. બાગાયત ખાતા દ્વારા સામાન્ય જાતિ,અનુસુચિત જન જાતિ તથા અનુસૂચિત જાતિના તમામ પ્રકારના ખેડુતોને સહાય મેળવવી હોય તો વિવિધ યોજનાઓમાં અરજી કરવા માટે ખુલ્લુંમૂકવામાં આવ્યું છે. વધુમાં સાત પગલા ખેડુત કલ્યાણ અંતર્ગત ફળ ફુલ અને શાકભાજીના બગાડ અટકાવવા માટે રોડ સાઈડ પથારા વાળા ફેરીયાઓ તેમજ વેપારીઓ વિના મૂલ્યે છત્રી મેળવવાની અંગેની સહાય મેળવવા માંગતા ખેડુતોએ ગ્રામ પંચાયત ખાતેના ઈ-ગ્રામ સેન્ટર પર વી.સી.ઈ મારફત અથવા ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની નકલ, ૮-અ, ૭/૧૨(ચાલુ વર્ષની અસલ કોપી), જાતિની દાખલો, આધારકાર્ડ તથા આધારલીંક બેંક પાસબુકની નકલ સાથે દિન-૭માં નાયબ બાગાયત નિયામકની કચેરી, જીલ્લા સેવા સદન-૨, બીજો માળ, ગોધરા જી.પંચમહાલ ખાતે પહોચાડવાની રહેશે. વધુ વિગત માટે ફોન નં-૦૨૬૭૨-૨૪૦૦૩૯ ઉપર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક ગોધરાની યાદીમાં જણાવાયું છે.

## શહેરા નગરપાલિકાના ૧૪ જેટલા રોજમદારોને ફરજ પરથી મુક્ત કરાતા આવેદન આપી પરત લેવા માંગણી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપી નોકરી પર પરત લેવામાં આવે તેવી રજુઆત કરાઈ હતી. જોકે વર્ષોથી પાલિકામાં નોકરી કરતા કર્મચારીઓને અચાનક ફરજ પરથી મુક્ત કરવામાં આવતા હાલ કોરોના મહામારીના સમયે કર્મચારીઓની હાલત કફોડી બની છે.

શહેરા નગરપાલિકાના જુદા-જુદા વિભાગોમાં ૧૦ વર્ષ ઉપરાંતના સમયથી હંગામી નોકરી કરતા ૧૪ કર્મચારીઓને કોઈપણ પ્રકારના લેખિત હુકમ વગર જ ફરજ પરથી મુક્ત કરવામા આવ્યા હતા. પાલિકાના ફરજમુકત કરાયેલા કર્મચારીઓએ તાલુકા સેવા સદન ખાતે આવી વિરોધ નોંધાવ્યો હતો. શહેરા પ્રાંત અધિકારી જય બારોટ તેમજ મામલતદાર મેહુલ ભરવાડને આવેદનપત્ર આપી ફરજમુક્ત કરાયેલા કર્મચારીઓને નોકરી પર પરત લેવામાં આવે તેવી માંગ સાથે રજુઆત કરવામાં આવી હતી. પાલિકા દ્વારા રોજમદારોને છૂટા કરવામા આવતા તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. નોકરી પરત મેળવવા માટે પાલિકાના રોજમદારો આગળ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરેતો નવાઈ નહી. જોકે વર્ષોથી નોકરી કરતા કર્મચારીઓને અચાનક ફરજ પરથી મુક્ત કરવામાં આવતા હાલ કોરોના મહામારીના સમયે કર્મચારીઓની હાલત કફોડી બની છે.

## IOC ગુજરાતના વડોદરામાં ૨૫ હજાર કરોડનું રોકાણ કરશેઃ ૨૫ હજારને રોજગારી મળશે

ગાંધીનગર,

ગુજરાત સરકાર અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ વચ્ચે મહત્વપૂર્ણ કરાર થયા છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી અને પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને આઈઓસીએલ વચ્ચે એમઓયુ થયા હતા. જે અંતર્ગત આઈઓસી દ્વારા ગુજરાતના વડોદરામાં ૨૪ હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે.

વડોદરા સ્થિત આઈઓસીની રિફાઈનરી સહિત ગુજરાતમાં સ્થિત આઈઓસીના યુનિટનો વ્યાપ વધારવામાં આવશે. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન રુ. ૨૪ હજાર કરોડના રોકાણોના ૬ પ્રોજેકટસ વડોદરામાં સ્થાપશે. આ અંગે પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે ગુજરાત મોડલની તુલના વિશ્વ કક્ષાએ થાય છે. પેટ્રોલિયમ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. હવે આઈઓસીના યુનિટનો વ્યાપ વધવાથી ગુજરાતમાં રોજગારી પણ વધશે.ગુજરાતમાં આ પ્રોજેકટસની સ્થાપના થવાથી ૨૫ હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીની તકો પ્રાપ્ત થશે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વધુમાં આગળ કહ્યું હતું કે કોરોના મહામારીમાં ગુજરાતે પોતાની ઓક્સિજનની જરૂરિયાત સન્તુલિત રાખીને દેશના અન્ય રાજ્યોને પણ ઓક્સિજન પૂરો પાડયો છે.

મુખ્યમંત્રી રૂપાણી અને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીની ઉપસ્થિતીમાં ગુજરાત સરકાર અને ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન વચ્ચે આ અંગેના એમઓયુ ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા, આ એમઓયુ પર ગુજરાત સરકાર વતી મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ અને ઊદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ તેમજ આઈ.ઓ.સી.એલ. ના ચેરમેન એસ. એમ. વૈદ્ય એ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન વતી હસ્તાક્ષર કર્યા હતા.

આ સમયે મુખ્યમંત્રી વિજય રુપાણીએ જણાવ્યું કે રાજય સરકારની પારદર્શી પોલિસીઝ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ અને ઊદ્યોગોને સાનુકૂળ વાતાવરણને પરિણામે ગુજરાતે કોરોના મહામારીના કપરા કાળ છતાં સતત ચોથા વર્ષે દેશભરમાં સૌથી વધુ FDI મેળવનારા રાજય તરીકેનો પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે. આઈ.ઓ.સી.એલ દ્વારા થનારૂં આ રોકાણ આવનારા દિવસોમાં ગુજરાતને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે વધુ સક્ષમ બનાવશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ દર્શાવ્યો હતો.

## શહેરા તાલુકાના બીલીથા ગામે પત્નીની હત્યા કરનાર પતિની લાશ કુવામાંથી મળી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બીલીથા ગામે પત્નીની હત્યા કરનાર પતિની લાશ ઘરથી થોડે દૂર આવેલ કુવામાંથી મળી આવતા ચકચાર મચી હતી.પોલીસે હત્યાના આરોપીની લાશ ને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જ્યારે હત્યાના આરોપીની લાશ કુવામાંથી મળી આવતા અનેક સવાલો પોલીસ માટે ઊભા થતા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બીલીથા ગામે રહેતા રતીલાલ ચતુરભાઈ નામના ઈસમની છોકરીના તેઓની સાળીના છોકરા સાથે આડાસંબંધ હોવાની વાતો સમાજમાં થતી હોવાને લઈને રતીલાલે સમાજનું પંચ સેવાલીયા ખાતે ભેગું કર્યું હતું. જેમાં સાળી, સાઢુભાઈ અને તેનો છોકરો સમાજના પંચમાં નહીં આવતા આ બાબતની અદાવત રાખી રતીલાલ ચતુરભાઈએ આજથી ત્રણ દિવસ અગાઉ કોઈ તીક્ષ્ણ હથિયાર પોતાની પત્ની નંદાબેનને ગળાના ભાગે મારી દઈ હત્યા કરી હતી. ત્યારબાદ હત્યાને અંજામ આપી હત્યારો આરોપી રતિલાલ પોતાની પત્નીની હત્યા કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે રતીલાલ સામે શહેરા પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાયો હતો. ત્યારે પત્ની હત્યા કરી ફરાર થયેલ હત્યારા પતિ રતીલાલની લાશ રવિવારની મોડી સાંજના સમયે બીલીથા ગામના હડકાય માતાના મુવાડા ફળિયામાં તેઓના ઘરથી થોડે દુર આવેલ કુવામાંથી મળી મળી આવી હતી. ઘટનાની જાણ શહેરા પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક રતિલાલની લાશને કૂવામાંથી બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. પોલીસે હત્યાના આરોપીની લાશ મળવાને લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જ્યારે હત્યાના આરોપી રતિલાલની લાશ કુવામાંથી મળી આવતા અનેક સવાલો પોલીસ માટે ઊભા થતા તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. શંકાના કારણે એક પરિવાર નું જીવન જીવવું મુશ્કેલ બનવા સાથે બે દીકરા અને બે દીકરીઓ એ પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી.